ક્રમાંક: જમન/૩૧/બ/573-744 /૨૦૨૪-૨૫
અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી ની કચેરી,
ગુજરાત રાજ્ય, અરણ્ય ભવન બ્લોક નં. એ-૩
ચ-૩ સર્કલ સેન્ટ ઝેવિયર્સ સ્કુલ સામે,
સેકટર ૧૦, ગાંધીનગર, તા૨૮/૦૫/૨૦૨૪

**વિષય**:- Diversion of 188.00 ha. forest land for development of port back up facility at Hazira of Village-Hazira & Suvali of Taluka-Choryasi, District- Surat in Gujarat State.
Online Proposal No. : FP/GJ/IND/5883/2014

**સંદર્ભ**:- મુખ્ય વન સંરક્ષકશ્રી, સુરતના પત્ર ક્રમાંકઃ-
FP/GJ/IND/5883/2014, Dt. 08/05/2024

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પત્ર અન્વયે જણાવવાનુ કે, અદાણી હજીરા પોર્ટ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા પોર્ટ બેકઅપ ફેસીલીટી માટે મોજે. હજીરા તથા સુવાલીના વન વિસ્તાર પૈકી ૧૮૮ હેક. વન જમીનની દરખાસ્તમાં નીચે જણાવ્યા મુજબની ક્ષતિઓ જણાય છે.

(૧) યુઝર એજન્સી દ્વારા માંગણી કરવામાં આવેલ વિસ્તાર ૪૦ હેક.થી વધુ હોઈ મુખ્ય વન સંરક્ષકશ્રી દ્વારા સાઈટ ઈન્સ્પેક્શન કરવાનું થાય છે. ફક્ત નાયબ વન સંરક્ષકશ્રી દ્વારા તૈયાર કરવામાં આવેલ સાઈટ ઈન્સ્પેક્શન રીપોર્ટ ઉપર મુખ્ય વન સંરક્ષકશ્રી દ્વારા **countersign** કરવામાં આવેલ છે, જેથી મુખ્ય વન સંરક્ષકશ્રીનો સાઈટ ઈન્સ્પેક્શન રીપોર્ટ સાદર કરવો તથા ઈ-પોર્ટલ ઉપર અપલોડ કરવો.

(૨) યુઝર એજન્સી દ્વારા પોર્ટ બેકઅપ ફેસીલીટી માટે માંગણી કરવામાં આવેલ વિસ્તાર પૈકી કઈ કામગીરી માટે કેટલા વિસ્તારનો ઉપયોગ કરવાનો છે તેની કોઈ સ્પષ્ટ વિગતો દરખાસ્તમાં સામેલ નથી.

(૩) યુઝર એજન્સી દ્વારા રજુ કરવામાં આવેલ **FRA** સર્ટીફીકેટ સાથે ગ્રામસભાના ઠરાવની નકલ સાદર કરવામાં આવેલ નથી.

(૪) વળતર વનીકરણ માટે જે સીએ સ્કીમ તૈયાર કરવામાં આવેલ છે તે પૈકી મોજે. ધ્રુફી નાની, સર્વે નં. ૨૬૪, ૩૨૧, ૩૩૦, ૩૩૫, ૩૩૭, ૩૪૭, ૩૪૮, ૩૫૧, ૩૫૨, ૩૫૭, તા.અબડાસા, જી.કચ્છની ૭૮ હેક. માટેની હેક્ટર દીઠ ૨૦૦ રોપાની તૈયાર કરવામાં આવેલ છે. ગાઈડલાઈન મુજબ હેક્ટર દીઠ ઓછામાં ઓછા ૧૦૦૦ રોપાની સ્કીમ તૈયાર કરવાની થાય.

(ડૉ. જયપાલ સિંહ)
અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક
જમીન
ગુજરાત રાજય, ગાંધીનગર

**પ્રતિ**,
મુખ્ય વન સંરક્ષકશ્રી,
સુરત

**નકલ રવાના**:- નાયબ વન સંરક્ષકશ્રી, સુરત તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ.